ફોન નં.079-23259574-75
ફેકસ નં. 079-23259574
ઇ-મેઇલ:adhndcci@gujarat.gov.in

જા.નં.હશળ/૦૧/ચ-૬/૯૨૬/૧૯
કમિશ્નર, કુટીર અને ગ્રામોધોગ
ગુજરાત રાજય,ઉધોગભવન,ગાંધીનગર
તારીખ -૨૨-૦૩-૨૦૧૯

પ્રતિ,

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાતરાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી.
હેન્ડલુમ ટેકનોલોજી ઇન્સ્ટીટયુટ બીલ્ડીંગ,સેકટર-૧૩, ગાંધીનગર

૨. મેનેજરશ્રી,
ગુજરાતરાજય હેન્ડલુમ-હેન્ડીક્રાફટ અને ઔધોગિક સહકારી ફેડરેશન લી.
(ગુસીકા) બી-૨, સ્વામીનારાયણ કોમ્પલેક્ષ, જૈન મરચન્ટ,પાંચ રસ્તા,
પાલડી, અમદાવાદ

3. ચેરમેન/સેક્રેટરીશ્રી,
ગુજરાત રાજય હાથશાળ વણકર સહકારી સંઘ લી.(શાકોફ)
૬૧૧, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે,પાલડી, અમદાવાદ

૪ ચેરમેન/સેક્રેટરીશ્રી, શ્રી વણાટકલા હાથશાળ વણકર વિભાગીય સહકારી સંઘ,
દુકાન નં-૧૪, કમલકુંજ સોસાયટી મણીકુપા પ્રાથમિક શાળાની નીચે આઈ.ઓ.સી.રોડ.ચાંદખેડા અમદાવાદ

૫. જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉધોગ કેન્દ્ર, તમામ

**વિષયઃ-** હાથશાળની એપેક્ષ સંસ્થાઓ, મંડળીઓ, સંઘોને હાથશાળ માલના વેચાણ ઉપર તહેવારો દરમ્યાન રાજય સરકારનું ૧૦ ટકા અને ૨૦ ટકા ખાસ વળતર મંજુર કરવા અંગેનું ૧૨૦ દિવસનું કેલેન્ડર મંજુર કરવા બાબત. વર્ષ-૨૦૧૯-૨૦.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, તહેવારો દરમ્યાન ૧૨૦ દિવસ માટે ૧૦ ટકા અને ૨૦ ટકા ખાસ વળતર આપવાની રાજય સરકારશ્રીની યોજના અમલમાં છે. આ વળતર અંગે વર્ષ- ૨૦૧૯-૨૦ માં ૧૨૦ દિવસો નકકી કરવાના થાય છે. જે અન્વયે અત્રેની કચેરીએ ગુજરાત હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ અને ગુજરાત રાજ્ય હાથશાળ, હસ્તકલા અને ઔદ્યોગિક સહકારી ફેડરેશન દ્વારા વળતરના ૧૨૦ દિવસ માટેનું સુચિત કેલેન્ડર રજૂ કરવામાં આવેલ છે જે ધ્યાને લઇ હાથશાળની પ્રાથમિક સહકારી મંડળીઓ, સંઘો, ગુજરાત રાજ્ય હાથશાળ, હસ્તકલા અને ઔદ્યોગિક સહકારી ફેડરેશન અને અન્ય એપેક્ષ સંસ્થાઓ કે જે રાજ્ય બહાર એમ્પોરીયમ ધરાવતી નથી તેઓ માટે ગુજરાત રાજ્યમાં ઉજવવામાં આવતા તહેવારોને ધ્યાને લઇ વળતરના ૧૨૦ દિવસ માટેનું કેલેન્ડર જાહેર કરવાનું થાય છે

જ્યારે ગુજરાત હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ માટે જે તે રાજ્યના એમ્પોરીયમને ધ્યાને લઇ તેઓ દ્વારા રજૂ કરવામાં આવેલ ૧૨૦ દિવસ માટેનું કેલેન્ડર જાહેર કરવાનું થાય છે જેની વિગત નીચે મુજબ છે:

(અ) હાથશાળની પ્રાથમિક સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય હાથશાળ, હસ્તકલા અને ઔદ્યોગિક સહકારી ફેડરેશન,અન્ય એપેક્ષ સંસ્થાઓ અને ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમના ગુજરાત સ્થિત એમ્પોરીયમ માટે ના કેલેન્ડરની વિગત નીચે મુજબ છે.

ગુજરાતના એમ્પોરીયમ

| અ.નં. | તારીખ | દિવસો | વળતર સમયમાં આવરી લીધેલ તહેવારો |
|---|---|---|---|
| 1 | 06-04-2019 to 15-04-2019 | 10 | મહાવીરજયંતિ, ચેટીચાંદ, રામનવમી, આંબેડકરજયંતિ |
| 2 | 01-06-2019 to 06-06-2019 | 6 | રમજાન ઇદ |
| 3 | 07-08-2019 to 31-08-2019 | 25 | બકરી ઇદ, રક્ષાબંધન, જન્માષ્ટમી |
| 4 | 02-09-2019 to 13-09-2019 | 12 | સંવત્સરી, મહોરમ |
| 5 | 02-10-2019 to 27-10-2019 | 26 | ગાંધીજયંતિ, દિવાળી, દશેરા |
| 6 | 08-11-2019 to 15-11-2019 | 8 | ઇદ મિલાદ, ગુરુનાનક જયંતિ |
| 7 | 12-12-2019 to 27-12-2019 | 16 | નાતાલ |
| 8 | 11-01-2020 to 16-01-2020 | 6 | મકરસંક્રાતિ |
| 9 | 20-02-2020 to 25-02-2020 | 6 | મહાશિવરાત્રી |
| 10 | 09-03-2020 to 13-03-2020 | 5 | હોળી |
| | કુલ દિવસ | 120 | |

(બ) ગુજરાત રાજય હેન્ડલુમ-હેન્ડીક્રાફટ ઔધોગિક સહકારી ફેડરેશન લી. અમદાવાદને સામેલ પરિશિષ્ટ-૧ માં જણાવેલ રાજય માટે દર્શાવેલ ૧૨૦ દિવસના કેલેન્ડર પૈકી તેના કોલકત્તા-1-2, અન્નાકુર્લમ, દિલ્હી, મુંબઇ, બેંગલુરૂ, હૈદરાબાદ, ચેન્નાઇ તથા લખનૌ માં આવેલ એમ્પોરીયમ માટે જે તે રાજયના ૧૨૦ દિવસના કેલેન્ડર મુજબ રીબેટ ચુકવવાનું રહેશે. વધુમાં પરિશિષ્ટ-૧ માં ન હોય તેવા ગુસીકા ના અન્ય રાજયના ડેપો માટે પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ ૧૨૦ દિવસના કેલેન્ડર માટે કોઇપણ એક કેલેન્ડર પસંદ કરી તે મુજબના સમય ગાળા માટે જ વળતર મળવાપાત્ર રહેશે. જે કેલેન્ડર પસંદ કરવામાં આવે તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ માટે તેઓ દ્વારા રજૂ થયેલ ગુજરાત બહારના એમ્પોરીયમ માટેનું જે તે રાજ્યના તહેવારોને અનુલક્ષીને ૧૨૦ દિવસની મર્યાદામાં તૈયાર કરેલ પરિશિષ્ટ-૧ મુજબ કેલેન્ડર સામેલ છે.

ઉપર્યુક્ત (અ) અને (બ) મુજબ તહેવારો દરમ્યાન ૧૨૦ દિવસના ખાસ વળતર માટે કેલેન્ડર નક્કી કરવામાં આવે છે. આ ખાસ વળતર આપવા અંગેની શરતો નીચે મુજબ રહેશે.

(૧) આ યોજનાનો લાભ ગ્રાહકને સીધા વેચાણ માટે રાજયના હાથશાળ નિગમ, રાજયની એપેક્ષ સહકારી સંસ્થાઓ તેમજ રાજયની પ્રાથમિક વણકર સહકારી મંડળીઓને મળવાપાત્ર રહેશે. પ્રાથમિક સહકારી મંડળીઓમાંથી એપેક્ષ સંસ્થાને સ્ટોક ટ્રાન્સફર માટે રીબેટ મળવાપાત્ર નથી.

(૨) મંડળીઓ વેચાણની રકમ બેંકમાં જમા કરાવવાની રહેશે. જિલ્લા ઉધોગ કેન્દ્ર ધ્વારા વેચાણની રકમ બેંકમાં જમા કરાવ્યાની બેંક પાસબુક સાથે ચકાસણી કરવાની રહેશે.

(૩) પ્રાથમિક વણકર સહકારી મંડળીઓએ જે તે વળતર સમય ગાળો પુરો થયા બાદ ૩૦ દિવસમાં દરખાસ્ત જિલ્લા ઉધોગ કેન્દ્રને રજુ કરવાની રહેશે. જિલ્લા ઉધોગ કેન્દ્ર ધ્વારા દરખાસ્તની ચકાસણી કરી સત્તામર્યાદા બહારની દરખાસ્તો દીન-૧૫ માં કમિશ્નર, કુટીર અને ગ્રામોધોગને સ્પષ્ટ ભલામણ સાથે રજુ કરવાની રહેશે.

(૪) એપેક્ષ સંસ્થા અને ગુ.રા. હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ ધ્વારા વળતરનો સમયગાળો થયા બાદ દિન-૪૫ માં દરખાસ્ત કમિશ્નર, કુટીર અને ગ્રામોધોગને રજુ કરવાની રહેશે.

(૫) હાથશાળ મંડળી ધ્વારા વણાટ કામ કરતા તમામ સભાસદોને મહાત્મા ગાંધી બુનકર વિમા યોજના ધ્વારા અને હેલ્થ ઇન્સ્યોરન્સ સ્કીમ હેઠળ આવરી લેવાના રહેશે.

(૬) ઓડીટ વર્ગ-અ અને-બ- ધરાવતી મંડળીઓ/સંસ્થાઓને જ આ યોજનાનો લાભ મળવા પાત્ર થશે.

(૭) વળતર માન્યતા આપવામાં આવેલ મંડળીઓની ચાલુ શાળોનું ઉત્પાદન જ વળતર પાત્ર રહેશે.

(૮) મંડળી/સંસ્થાને નિયત કરેલ દિવસોમાં થયેલ વેચાણના ગ્રાહકોને અપાયેલ ૧૦ ટકા અને મહિલા હાથશાળ વણકર સહકાર મંડળીને ૨૦ ટકા વળતર સામે રીએમ્બર્સમેન્ટની યોજના હોઇ ગ્રાહકોને કરેલ વેચાણ તથા આપેલ વળતરની વિગતો મંજુરી કલેઇમ સાથે રજુ કરવાની રહેશે.

(૯) ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ.ક્રઃ આઇસીઓ/૧૦૨૦૧૫/૮૮૭/ખ તારીખ ૨૮/૯/૧૫ અન્વયે સહાય આપવાની યોજના અનુસાર વેચાણ થયેલ હાથશાળ માલ ઉપર વળતર મંજુર કરવા માટે મંડળી દીઠ વાર્ષિક નાણાંકિય મર્યાદા જનરલ મેનેજરશ્રી, જીલ્લા ઉધોગ કેન્દ્રને રૂ.૧,૦૦,૦૦૦/- લાખ સુધીની નિયત કરવામાં આવેલ છે જેને ધ્યાને લઇ દરખાસ્તો મંજુર કરવાની રહેશે.

(૧૦) અત્રેની કચેરીના તા. ૨૩/૦૮૨૦૧૭ના પત્ર નં. હશળ/056/ચ/NHDP/324/17 થી ભારત સરકારશ્રીની એન.એચ.ડી.પી. યોજના અન્વયેની દરખાસ્તો અંગે જે સુચનાઓ આપવામાં આવેલ છે તે સુચનાઓ ૫ ટકા/૧૫ ટકા તથા ૧૦ ટકા/૨૦ ટકા વળતરમાં અમલ કરવાનો રહેશે.

(૧૧) અત્રેની કચેરીના તા. ૩/૯/૨૦૧૩ ના પરિપત્ર જા.નં. હશળ/૦૩૬/ચ.૬/એચ,સી/૩૯૫/૧૩તથા તા.૦૮/૦૬/૨૦૧૫ના પરિપત્ર જાવક નં.હશળ/૦૩૬/ચ.૬/એચ.સી/૨૧૧/૧૫ થી જે સુચનાઓ આપવામાં આવેલ છે તે સુચનાઓનો ૫ ટકા/૧૫ ટકા તથા ૧૦ ટકા/૨૦ ટકા વળતરની દરખાસ્તોમાં અમલ કરવાનો રહેશે.

(૧૨) અત્રેની કચેરીના તા-૧૪/૭/૧૪ ના પરિપત્ર ક્ર.-હશળ/ચ-૬/૦૫૩/૨૭૨/૧૪ માં સુચવ્યા મુજબ હેન્ડલુમ માર્ક મેળવેલ હશે તે સંસ્થા/મંડળીઓને જ ૫/૧૫ ટકા તથા ૧૦/૨૦ ટકા વળતર ચુકવવાનું રહેશે.

(૧૩) વળતરના કલેઇમમાં યાર્ન ખરીદીના તમામ બીલો રજુ કરવાના રહેશે.

ઉપરોકત કેલેન્ડરની જાણ સબંધિત વળતર માન્યતા પ્રાપ્ત મંડળીઓને આપની કચેરી ધ્વારા કરવાની રહેશે.

બિડાણ - પરિશિષ્ટ-૧

માન.અગ્રસચિવશ્રી અને માન. કમિશ્નરશ્રીની મંજુરીથી

(એચ.બી.પટેલ)
સંયુકત નિયામક (ટેક્ષટાઇલ)
કુટીર અને ગ્રામોધોગ

# પરિશિષ્ટ - ૧

## ગુજરાત બહારના એમ્પોરીયમ દિલ્હી

| અ.નં. | તારીખ | દિવસો | વળતર સમયમાં આવરી લીધેલ તહેવારો |
|---|---|---|---|
| 1 | 08-04-2019 to 17-04-2019 | 10 | નવરાત્રી |
| 2 | 01-05-2019 to 10-05-2019 | 10 | શ્રી પરશુરામ જયંતિ |
| 3 | 01-06-2019 to 10-06-2019 | 10 | રમજાન ઇદ |
| 4 | 01-08-2019 to 20-08-2019 | 20 | રક્ષાબંધન/ જન્માષ્ટમી |
| 5 | 01-09-2019 to 10-09-2019 | 10 | મહોરમ |
| 6 | 01-10-2019 to 10-10-2019 | 10 | દશેરા |
| 7 | 16-10-2019 to 25-10-2019 | 10 | દિવાળી/ ભાઇબીજ |
| 8 | 01-11-2019 to 10-11-2019 | 10 | ઇદ મિલાદ |
| 9 | 14-12-2019 to 23-12-2019 | 10 | નાતાલ |
| 10 | 01-01-2020 to 10-01-2020 | 10 | મકરસંક્રાતિ |
| 11 | 01-03-2020 to 10-03-2020 | 10 | હોળી |
| | **Total** | **120** | |

## કલકત્તા-૧-૨

| અ.નં. | તારીખ | દિવસો | વળતર સમયમાં આવરી લીધેલ તહેવારો |
|---|---|---|---|
| 1 | 01-04-2019 to 15-04-2019 | 15 | બૈશાખી |
| 2 | 04-07-2019 to 22-07-2019 | 19 | રથયાત્રા |
| 3 | 26-08-2019 to 04-10-2019 | 40 | દૂર્ગાપૂજા |
| 4 | 02-12-2019 to 17-12-2019 | 16 | નાતાલ |
| 5 | 21-12-2019 to 28-12-2019 | 08 | પોષ મેળા સેલ |
| 6 | 15-01-2020 to 5-02-2020 | 22 | મકરસંક્રાતિ |
| | **Total** | 120 | |

## મુંબઈ

| અ.નં. | તારીખ | દિવસો | વળતર સમયમાં આવરી લીધેલ તહેવારો |
|---|---|---|---|
| 1 | 10-04-2019 to 21-04-2019 | 12 | મહાવીરજ્યંતિ/ રામનવમી |
| 2 | 01-05-2019 to 15-05-2019 | 15 | મહારાષ્ટ્ર દિવસ |
| 3 | 05-06-2019 to 20-06-2019 | 16 | રમજાન ઇદ |
| 4 | 01-08-2019 to 18-08-2019 | 18 | સ્વતંત્રતા દિવસ |
| 5 | 05-09-2019 to 29-09-2019 | 25 | દશેરા/મહોરમ |
| 6 | 10-10-2019 to 24-10-2019 | 15 | દિવાળી |
| 7 | 04-12-2019 to 22-12-2019 | 19 | નાતાલ |
| | **Total** | 120 | |

## બેંગલુરુ

| અ.નં. | તારીખ | દિવસો | વળતર સમયમાં આવરી લીધેલ તહેવારો |
|---|---|---|---|
| 1 | 27-05-2019 to 04-06-2019 | 9 | રમજાન ઇદ |
| 2 | 01-07-2019 to 13-07-2019 | 13 | રામનવમી |
| 3 | 05-08-2019 to 14-08-2019 | 10 | રક્ષાબંધન |
| 4 | 21-08-2019 to 31-08-2019 | 11 | ગણેશચતુર્થી |
| 5 | 23-09-2019 to 05-10-2019 | 13 | દશેરા |
| 6 | 14-10-2019 to 26-10-2019 | 13 | દિવાળી |
| 7 | 19-12-2019 to 31-12-2019 | 13 | નાતાલ |
| 8 | 01-01-2020 to 14-01-2020 | 14 | મકરસંક્રાતિ |
| 9 | 10-02-2020 to 20-02-2020 | 11 | મહાશિવરાત્રી |
| 10 | 09-03-2020 to 21-03-2020 | 13 | ઉગાડી |
| | **Total** | 120 | |

## હૈદરાબાદ

| અ.નં. | તારીખ | દિવસો | વળતર સમયમાં આવરી લીધેલ તહેવારો |
|---|---|---|---|
| 1 | 05-07-2019 to 15-07-2019 | 11 | બોનાલુ |
| 2 | 01-08-2019 to 15-08-2019 | 15 | સ્વતંત્રતા દિવસ |
| 3 | 23-08-2019 to 01-09-2019 | 10 | ગણેશ ચતુર્થી |
| 4 | 21-09-2019 to 06-10-209 | 16 | દશેરા |
| 5 | 16-10-2019 to 26-10-2019 | 11 | દિવાળી |
| 6 | 01-11-2019 to 10-11-2019 | 10 | કાર્તિકી પૂર્ણિમા |
| 7 | 28-12-2019 to 12-01-2020 | 16 | મકરસંક્રાતિ |
| 8 | 01-03-2020 to 31-03-2020 | 31 | વર્ષ અંતિત સેલ |
| | **Total** | 120 | |

## લખનૌ

| અ.નં. | તારીખ | દિવસો | વળતર સમયમાં આવરી લીધેલ તહેવારો |
|---|---|---|---|
| 1 | 15-04-2019 to 30-04-2019 | 16 | મહાશિવરાત્રી |
| 2 | 01-08-2019 to 14-08-2019 | 14 | રક્ષાબંધન |
| 3 | 08-10-2019 to 26-10-2019 | 19 | દશેરા / દિવાળી |
| 4 | 01-11-2019 to 10-11-2019 | 10 | ઇદ મિલાદ |
| 5 | 01-12-2019 to 24-12-2019 | 24 | નાતાલ |
| 6 | 01-01-2020 to 14-01-2020 | 14 | મકરસંક્રાતિ |
| 7 | 01-02-2020 to 15-02-2020 | 15 | મહાશિવરાત્રી |
| 8 | 01-03-2020 to 08-03-2020 | 8 | હોળી |
| | **Total** | 120 | |

(7)

## ચેન્નઈ

| અ.નં. | તારીખ | દિવસો | વળતર સમયમાં આવરી લીધેલ તહેવારો |
|---|---|---|---|
| 1 | 11-07-2019 to 27-07-2019 | 17 | આદિ |
| 2 | 08-08-2019 to 22-08-2019 | 15 | ગણેશ ચતુર્થી |
| 3 | 26-08-2019 to 09-09-2019 | 15 | ઓનમ |
| 4 | 05-10-2019 to 22-10-2019 | 18 | દશેરા/દિવાળી |
| 5 | 01-11-2019 to 09-11-2019 | 9 | રમજાન ઇદ |
| 6 | 05-12-2019 to 24-12-2019 | 20 | નાતાલ |
| 7 | 26-12-2019 to 10-01-2020 | 16 | પોંગલ |
| 8 | 01-03-2020 to 10-03-2020 | 10 | હોળી |
| | **Total** | **120** | |

## અર્નાકુલમ

| અ.નં. | તારીખ | દિવસો | વળતર સમયમાં આવરી લીધેલ તહેવારો |
|---|---|---|---|
| 1 | 08-04-2019 to 14-04-2019 | 07 | વિશુ |
| 2 | 01-05-2019 to 07-05-2019 | 07 | મે દિવસ |
| 3 | 04-06-2019 to 10-06-2019 | 07 | ઈંડુલ કુટીર /રમસન સેલ |
| 4 | 10-07-2019 to 16-07-2019 | 07 | ચોમાસું દિવસ |
| 5 | 07-08-2019 to 21-08-2019 | 15 | સ્વતંત્ર દિવસ/ઓણમ /જન્માષ્ટમી |
| 6 | 01-10-2019 to 07-10-2019 | 07 | ગાંધીજયંતી |
| 7 | 16-10-2019 to 05-11-2019 | 21 | દિવાળી |
| 8 | 12-12-2019 to 26-12-2019 | 15 | નાતાલ |
| 9 | 01-01-2020 to 10-01-2020 | 10 | નવું વર્ષ |
| 10 | 20-01-2020 to 26-01-2020 | 07 | પ્રજાસત્તાક દિન |
| 11 | 05-02-2020 to 11-02-2020 | 07 | મહાશિવરાત્રી |
| 12 | 11-03-2020 to 20-03-2020 | 10 | ચેટીચાંદ-ઇસ્ટર |
| | **Total** | **120** | |

(૪)

(એચ.બી.પટેલ)
સંયુકત નિયામક (ટેક્ષ્ટાઇલ)
કુટીર અને ગ્રામોધોગ